# ફાર્મ ટૅકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર-સણસોલી ખાતે તા. ૧૯/૦૨/૨૦૨૪ અને ૨૦/૦૨/૨૦૨૪ ના રોજ "પ્રાકૃતિક કૃષિ લક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ અને નિદર્શન" વિષય પર ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો

માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા સાહેબશ્રીના પ્રેરક માર્ગદર્શન હેઠળ આણંદ કૃષિ યુનિવર્સિટીના, ફાર્મ ટૅકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર ખાતે ફાર્મ ટૅકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર તેમજ ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯/૦૨/૨૦૨૪ અને ૨૦/૦૨/૨૦૨૪ ના રોજ "પ્રાકૃતિક કૃષિ લક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ અને નિદર્શન" વિષય પર ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો ઉપરોક્ત તાલીમમાં મહેમદાવાદ તાલુકાના છાપરા ગામના કુલ ૩૦ પ્રગતિશીલ ખેડૂતો અને ૩૦ મહિલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનો તેમજ ખેડૂતોને ભાવપૂર્વક આવકાર્યા, ત્યારબાદ ખેતી પાકોમાં ઓછા ખર્ચે વધુ નફો તેમજ ડાંગરની નવીન જાતો ઉપર માર્ગદર્શન આપેલ અને ખેડૂતોના પ્રશ્નોનું તાત્કાલીક સમાધાન કરેલ.

ડૉ. ભરતભાઈ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતીના ફાયદા, જમીનનો નમુનો લેવાની રીત, મૂલ્યવર્ધન અને ખેત વ્યવસ્થાપન અંગે ખેડૂતોને સવિસ્તાર માર્ગદર્શન આપેલ અને તમામ ખેડૂતોને ફાર્મ ટૅકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર ખાતે આવેલા મ્યુઝિયમની મુલાકાત કરાવેલ

કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ખેડૂતોને ફાર્મ ટૅકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર ખાતે પ્રાકૃતિક રીતે તૈયાર થયેલ બંસી ઘઉંના પાકનું નિદર્શન બતાવેલ, કાર્યક્રમ દરમ્યાન જિલ્લાના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી, એસ. એસ. સુથાર તેમજ મદદનીશ નિયામકશ્રી, પરાગભાઈ પટેલ તેમજ અન્ય સ્ટાફ ઉપસ્થિત રહી ખેડૂતોને પ્રોત્સાહિત કરેલ, અંતમાં તમામ ખેડૂતોએ આ તાલીમ દ્વારા મેળવેલ આણંદ કૃષિ યુનિવર્સિટીની અદ્યતન તજજ્ઞતાઓનો ઉપયોગ કરી પોતાની, ગામની, તાલુકાની, જીલ્લાની રાજ્યની અને રાષ્ટ્રની કૃષિ અર્થવ્યવસ્થામાં પોતાનો સિંહફાળો આપી રાષ્ટ્ર વિકાસમાં સહભાગી થવાનો સંકલ્પ કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ ડૉ. ભરતભાઈ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી અને ડૉ. તારક પટેલ, એસોસિએટ, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીએ કર્યું હતુ.






